# 1

# પ્રાચીન સમાજજીવન

## દુનિયાના અતિ પ્રાચીન ગ્રંથો, વેદો :

વેદ ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. સૌથી જૂનો ઋગ્વેદ છે. જેની રચના લગભગ ઈ.સ. પૂર્વે 3000-3500 વર્ષ પહેલાં થયેલ હોવાનું મનાય છે. ઋગ્વેદમાં એક હજારથી વધુ 'ઋચાઓ' છે. ઋચાઓના સમૂહને 'સૂક્ત' કહેવાય છે. એ જુદાં-જુદાં દેવી-દેવતાઓની સ્તુતિ માટેના મંત્રો છે. એમાંથી ત્રણ દેવતાઓ બહુ મહત્ત્વપૂર્ણ છે : અગ્નિ, ઈન્દ્ર અને સોમ. અગ્નિ આગના અને ઈન્દ્ર યુદ્ધના દેવતા છે. સોમ એક વેલ છે, તેમાંથી એક ખાસ 'પીણું' બનાવાતું હતું.

વૈદિક મંત્રોના દૃષ્ટા ઋષિઓ હતા. આચાર્ય વિદ્યાર્થીઓને ઋચા અક્ષરો અને શબ્દોમાં વહેંચીને સ-સ્વર ગાન કરાવીને (ગવડાવીને) નિત્ય પાઠ દ્વારા કંઠસ્થ કરાવતા હતા. મોટા ભાગનાં સૂક્તના રચનાકાર, શીખનાર અને શિખવનાર પુરુષો હતા. થોડી પ્રાર્થનાઓની દૃષ્ટા સ્ત્રીઓ પણ હતી. ઋગ્વેદની ભાષા 'પ્રાક્ સંસ્કૃત' અથવા 'વૈદિક સંસ્કૃત' કહેવાતી.



1.1 હસ્તપ્રતનો નમૂનો

આપણે જે પુસ્તકો વાંચીએ છીએ, તેની હસ્તપ્રત બન્યા પછી, તેનું છાપકામ થાય છે. જ્યારે વેદોને વાંચવામાં નહીં પણ બોલવામાં આવતા. હજારો વર્ષો સુધી તે માત્ર કર્ણોપકર્ણ સાંભળીને, કંઠસ્થ કરીને યાદ રખાયા હોવાથી 'શ્રુતિગ્રંથો' કહેવાય છે. તેને છાપવાનું કામ તો માત્ર બસો વર્ષ પહેલાં જ થયું છે.

## ઈતિહાસકાર ઋગ્વેદનો અભ્યાસ કેવી રીતે કરે છે ?

ઈતિહાસકાર - પુરાતત્ત્વશાસ્ત્રીની જેમ ભૂતકાળની બાબત વિશે જાણકારી એકઠી કરે છે, પરંતુ ભૌતિક અવશેષો સિવાય લેખિત આધારોનો પણ ઉપયોગ કરે છે. ચાલો આપણે જોઈએ કે તેઓ ઋગ્વેદનો અભ્યાસ કેવી રીતે કરે છે ?

ઋગ્વેદનાં અમુક સૂક્તો સંવાદના રૂપમાં મુકાયેલાં છે. વિશ્વામિત્ર નામના ઋષિ અને દેવીઓના રૂપે પુજાતી બે નદીઓ (બિયાસ અને સતલજ) વચ્ચેનો સંવાદ એક એવા જ સંવાદનો નમૂનો છે.

વિશ્વામિત્ર : હે નદીઓ ! પોતાના વાછરડાને ચાટતી ગાયોની જેમ, બે સ્ફૂર્તિલા ઘોડાની ચાલથી પહાડોથી નીચે આવો. ઈન્દ્ર દ્વારા આપવામાં આવેલી શક્તિથી તમે રથની નીચે આવો. સાગર તરફ વહી રહી છે, તમે જળથી પરિપૂર્ણ છો અને એકબીજાને મળવા ઈચ્છો છો.

નદીઓ : જળથી પરિપૂર્ણ અમે દેવતાઓના બનાવેલા રસ્તે ચાલીએ છીએ. એક વખત નીકળ્યા પછી અમને રોકી ન શકાય. હે ઋષિ ! તમે અમને પ્રાર્થના કેમ કરી રહ્યા છો ?

વિશ્વામિત્ર : હે બહેનો ! મારી પ્રાર્થના સાંભળો. હું રથ અને ગાડીઓ સહિત બહુ દૂરથી આવ્યો છું. કૃપા કરીને આપના જળને અમારા રથ અને ગાડીઓનાં પૈડાંની ઉપર ન ઉઠાવો; જેથી અમે સરળતાથી સામે કિનારે જઈ શકીએ.

નદીઓ : અમે તમારી પ્રાર્થના સાંભળીશું, જેથી તમે બધા સુરક્ષિત સામે કિનારે જઈ શકશો.

ઈતિહાસકારના મત મુજબ, જે સમાજમાં ઋષિઓ રહેતા હતા, ત્યાં ઘોડા અને ગાયોને બહુ મહત્ત્વ આપવામાં આવતું. તેથી નદીઓની સરખામણી ઘોડા અને ગાયોની સાથે કરવામાં આવી છે.

## વૈદિક સમાજજીવન :

ઋગ્વેદમાં પાલતુ પ્રાણીઓ, બાળકો (પુત્રો) અને ઘોડાઓ વગેરે ભૌતિક સાધનો મેળવવા માટે અને ઈચ્છાઓ સંતોષવા માટે અનેક સૂક્તો છે. ઘોડાઓ લડાઈમાં રથ હાંકવાના કામમાં લેવાતા હતા. પશુઓના ચરિયાણ માટે બે જૂથો વચ્ચે ક્યારેક અથડામણો થતી હતી. વિશાળ પાણીનો સ્રોત ઉપલબ્ધ હોય તેવી જગ્યા માટે પણ સંઘર્ષો થતા હતા.

યુદ્ધમાં જીતેલ ધનનો થોડો ભાગ સરદાર રાખી લેતો હતો તથા થોડો ભાગ પુરોહિતોને આપતો હતો. વધેલું ધન સામાન્ય માણસોમાં વહેંચવામાં આવતું. થોડું ધન યજ્ઞ કરવામાં વપરાતું હતું. દેવી-દેવતાને સંબોધીને યજ્ઞમાં આહુતિઓ અપાતી. આ આહુતિમાં ઘી, અનાજ વગેરેની આહુતિ અપાતી હતી.

મોટે ભાગે પુરુષો આ યુદ્ધમાં ભાગ લેતા. આજના જેવું કાયમી સૈન્ય ન હતું, પરંતુ લોકો સભાઓમાં હળતા-મળતા અને યુદ્ધ તથા શાંતિના વિષયમાં સલાહ-સૂચનો કરતા. ત્યાં તેઓ બહાદુર અને કુશળ યોદ્ધાને પોતાનો સરદાર પસંદ કરતા.

## જુદા-જુદા લોકસમૂહો અને તેમની ઓળખ :

લોકોના સમૂહોનું વર્ગીકરણ કામ, ભાષા, પરિવાર કે સમુદાય, રહેઠાણ કે સાંસ્કૃતિક પરંપરાના આધારે થતું. ઋગ્વેદમાં લોકોની વિશિષ્ટતા બતાવનાર શબ્દો આપણને મળે છે.

એવા બે સમૂહો કે જેનું વર્ગીકરણ કામના આધાર પર કરેલું છે. પુરોહિત કે જે વિવિધ યજ્ઞો અને અનુષ્ઠાનો કરતા. બીજો સમૂહ હતો રાજા; કે જે પ્રજાનું રક્ષણ, ધર્મનું રક્ષણ અને ન્યાય આપવાનું કાર્ય કરતો.

તમે રાજા વિશે જે વિચારો છો એવા આ રાજાઓ ન હતા. તેઓ કોઈ મોટી રાજધાની કે મહેલોમાં રહેતા ન હતા. ન એમની પાસે કોઈ સેના હતી કે ન તો તેઓ કોઈ કર ઉઘરાવતા. રાજાના મૃત્યુ પછી લગભગ તેનો પુત્ર જ શાસક બને તેવું પણ બનતું ન હતું. જનતા અથવા પૂરા સમુદાય માટે બે શબ્દોનો ઉપયોગ થતો – એક શબ્દ હતો 'જન' અને બીજો શબ્દ હતો 'વિશ'.

ઋગ્વેદમાં વિશ  અને 'જનો'નાં નામ મળે છે. આપણને 'પુરુ-જન' કે 'વિશ ભરત-જન' કે 'ભરત વિશ' જેવા કેટલાક ઉલ્લેખો મળે છે.

જે લોકોએ આ પ્રાર્થનાઓની રચના કરી, તેઓ પોતાને 'આર્ય' કહેતા હતા; તેમજ પોતાના વિરોધીઓને 'દાસ' કે 'દસ્યુ' કહેતા. 'દસ્યુ' લોકો યજ્ઞો કરતા ન હતા અને કદાચ તેમની ભાષા પણ અલગ હતી. આ વૈદિક કાળમાં હાલના પંજાબની આજુબાજુ (એ કાળે 'સપ્તસિંધુ')ના પ્રદેશમાં ખાસ કરીને ઉત્તર ભારતખંડમાં તેઓનો વસવાટ રહ્યો હતો.

જે યુગમાં ઉપ-મહાદ્વીપમાં ઉત્તર-પશ્ચિમમાં વેદોની રચના થઈ રહી હતી, તે સમયે ભારતખંડની અન્ય જગ્યાઓ પર એક જુદા જ પ્રકારે, જુદી શૈલીથી લોકસમૂહ જીવી રહ્યો હતો.

**મહાપાષાણો :**



**1.2 મહાપાષાણો**



**1.3 લોખંડનાં હથિયારો**

## ઉપરનું ચિત્ર જુઓ.

આ શિલાખંડ મહાપાષાણ (મહા = મોટો, પાષાણ = પથ્થર)ના નામથી ઓળખાય છે. આ પથ્થર દફન કરવાની જગ્યા પર લોકો દ્વારા સારી રીતે લગાવવામાં આવ્યા હતા. મહાપાષાણ કબરો બનાવવાની પ્રથા લગભગ 3000 વર્ષ પહેલાં શરૂ થઈ. આવા અવશેષો દક્ષિણ ભારત તથા ઉત્તર-પૂર્વ ભારતમાંથી મળી આવ્યા છે.

મૃત વ્યક્તિના શરીરને દફનાવવા માટે પથ્થરો દ્વારા તૈયાર કરાયેલા આવા કેટલાક મહાપાષાણો જમીનની ઉપર પણ દેખાય છે. કેટલાક મહાપાષાણ જમીનની અંદર પણ મોજૂદ છે. કેટલીક વાર પુરાતત્ત્વવિદોને ગોળ આકારના સજાવેલા પથ્થર મળે છે. કોઈ વાર એકલો ઊભો પથ્થર પ્રાપ્ત થાય છે. આવા પથ્થરો જમીનની નીચે મૃતદેહોની સાથે દટાયાના પુરાવા તરીકે મળે છે.

મહાપાષાણના નિર્માણ માટે લોકોએ ઘણાં પ્રકારનાં કામો કરવાં પડતાં હતાં.

**પ્રવૃત્તિ**

(1) લોકો કેવા પ્રકારનાં કામો કરતા હશે તેની યાદી બનાવો.

આ બધી કબરોમાં સમાનતાઓ છે. સામાન્ય રીતે મૃતકને ખાસ પ્રકારની માટીનાં વાસણોની સાથે દફનાવવામાં આવતા હતા. મોટે ભાગે કાળી-લાલ માટીનાં વાસણોનો ઉપયોગ આવા કામમાં કરાતો હતો. ઘણી જગ્યાએ મૃતદેહોની સાથે લોખંડનાં ઓજાર, હથિયાર, ઘોડાના કંકાલ, બીજો સામાન તથા પથ્થર અને સોનાનાં ઘરેણાં મળ્યાં છે.

### લોકોનાં ખાનપાન વિશે પરસ્પર ભિન્નતા :

પુરાતત્ત્વવિદો એવું માને છે કે, કંકાલ (હાડપિંજર)ની સાથે મળેલી વસ્તુઓ મરેલી વ્યક્તિની જ હશે. ક્યારેક-ક્યારેક એક કબરની તુલનામાં બીજી કબરોમાંથી વધુ વસ્તુઓ મળે છે. બ્રહ્મમાંથી એક વ્યક્તિની કબરમાં 33 સોનાના મણકા અને શંખ મળ્યા છે. જ્યારે બીજાં હાડપિંજરો પાસેથી માત્ર કેટલાક માટીનાં વાસણો જ મળ્યાં છે. આ દફનાવેલા લોકોની સામાજિક સ્થિતિમાં રહેલી ભિન્નતા દર્શાવે છે. કેટલાક લોકો અમીર હતા, તો કેટલાક ગરીબ હતા. કેટલાક સરદાર હતા, તો બીજા કેટલાક અનુયાયી. તેમની આર્થિક અસમાનતા આ અવશેષોના આધારે સમજી શકાય. ઈનામગામ સ્થળ ભીમાની સહાયક નદી ઘોડના કિનારાની એક જગ્યા છે. આ જગ્યા પર ઈ.સ. પૂર્વે 3600થી 2700 પહેલાં લોકો રહેતા હતા, તેનો પુરાવો મળ્યો છે.

ઘણીવાર તેમને ઘરની અંદર જ દફનાવવામાં આવતા. દફનાવવામાં આવેલ શબની બાજુમાં વાસણો પણ મળી આવ્યાં છે; જે કદાચ તેમના ભોજન કે પાણી માટેનાં હોય.

ઈનામગામમાં પુરાતત્ત્વવિદોને ઘઉં, જવ, ચોખા, દાળ, બાજરા અને તલનાં બી મળ્યાં છે. ઉપરાંત કેટલાંક જાનવરોનાં હાડકાં પણ મળ્યાં છે.

**પ્રવૃત્તિ**

- આ પ્રમાણોના આધારે ઈનામગામના લોકોના કામ-ધંધાની એક યાદી બનાવો.

## સ્વાધ્યાય

### ચર્ચા કરો :

(1) આજે આપણે જે પુસ્તકો વાંચીએ છીએ, તે ઋગ્વેદથી કેવી રીતે જુદાં પડે છે ?

(2) પુરાતત્ત્વવિદ દફનાવવામાં આવેલા લોકોની વચ્ચે સામાજિક અસમાનતાની માહિતી કેવી રીતે મેળવે છે ?